# S.U.G. College of Education, Vasna, Ahmedabad

## Semester-1

## EPC-2

# Art in Education

# શિક્ષણમાં કલા

**Dr. Darshana M. Patel**

# થિયેટર :
# સ્પેસ (મંચ )

- નાટકની પ્રસ્તુતિ માટે સૌથી અગત્યનું પરિબળ છે તેનું મંચ .
- નાટકની ભજવણી માટે મોટાભાગે લાકડાનું બનાવેલું સ્ટેજ ઉપયોગમાં લેવાય છે .
- સ્ટેજની આગળ એક મુખ્ય પડદો હોય ,પાછળના ભાગમાં સાજસજ્જા માટે વ્યવસ્થા હોય .
- ડાબી –જમણી બાજુ ત્રણથી ચાર વીંગ હોય જેમાંથી કલાકારો આવન-જાવન કરી શકે .
- માઈક્રોફોનની વ્યવસ્થા યોગ્ય રીતે કરવામાં આવે .
- લાઈટ્સ ડેકોરેશન યોગ્ય રીતે કરવામાં આવે .
- આ મંચ દેવાધિદેવ નટરાજનું પૂજન કાર્ય બાદ જ ઉપયોગમાં લેવાતું હોય .
- મંચની પાછળ એક બેકસ્ટેજ હોય જ્યાંથી નાટકનું સંચાલન કરવામાં આવે છે .

# સ્કીટ (પ્રહસન ) :

**અર્થ :**

- સ્કીટ (પ્રહસન) નો અર્થ થાય નાનું રમૂજી નાટક , રમૂજી અભિનય , હાસ્યપ્રધાન નાટક .
- એવું વિષયવસ્તુ જેમાં હાસ્યની સાથે સહજતાથી ગહન બાબત તરફ નિર્દેશ કરેલો હોય .
- પ્રહસન એટલે એવું નાટક જે પ્રેક્ષકોને હસતા હસાવતા કરી દે .
- કલાકારોએ રજૂઆત સમયે ટૂંકા અને વેધક વાક્યોનો ઉપયોગ કરવો જોઈએ .
- વ્યંગ પ્રેક્ષકો સુધી પહોંચે તેવા પ્રકારનો ચપળતાપૂર્વક આંગિક અભિનય કરવો જોઈએ .
- પ્રહસનનું વિષયવસ્તુ હળવું અને રમૂજી હોય તો જ પ્રહસન સફળ બને .
- પ્રહસનનો આદિ અને અંત હમેશા સુખદ અને ઉત્સાહપ્રેરક હોવો જોઈએ .
- તેમાં અશ્લિલતા કે બિભત્સતા ન આવે તેની કાળજી રાખવી જોઈએ .
- પ્રહસન મોટા ભાગે દ્વિઅંકી હોય .

- પ્રહસન માટે સામાન્ય રીતે નીચેના જેવા વિષયો લેવાતા હોય છે .
- વર્તમાન સમયના રાજકીય અને સામાજિક પ્રસંગો
- નેતાઓની નિભંરતા
- મોંઘવારી
- વિદ્યાર્થી જીવનના પ્રશ્નો
- સામાન્યજનની વિટંબણાઓ
- અંધશ્રદ્ધા ......    વગેરે

- પ્રહસનમાં ગમ્મત સાથે જ્ઞાન હોય .
- “હાસ્ય વગરની ગંભીરતા અને ગંભીરતા વગરનું હાસ્ય “ બંને યોગ્ય નથી . ---ગાંધીજી
- તેમાં રમૂજ હોય ક્યાંય કરુણ રસ ન હોય .પણ જીવનની કરુણ વાસ્તવિકતાને હસતાં હસતાં જીવી જવાની આવડત હોય .

# શિક્ષકની ભૂમિકા :

- સાહિત્યમાંથી હાસ્ય શોધવા વાંચનક્ષમતા અને વાંચનવૈવિધ્ય ખીલવવું પડે .
- વર્ગમાં ભજવી શકાય તેવા નાના એકમો પસંદ કરવા પડે .
- એકમને આનુષંગિક સ્ક્રિપ્ટની રચના કરવી .
- વિદ્યાર્થીઓને તાલીમ આપવી .
- જરૂરી સાધનસામગ્રી મેળવવી તથા ઉપયોગમાં લેવી .
- પાત્ર માટે યોગ્ય વિદ્યાર્થીનું ચયન કરવું .
- ઉત્સાહ અને ધીરજપૂર્વક તાલીમ આપવી .

# રોલ પ્લે :

- અર્થ :
- કોઈપણ એક વિષય વસ્તુને સ્પષ્ટ કરવા માટે પાત્રો દ્વારા નાટ્યપ્રયોગ .(10 -12 મિનીટનો સમય )
- રોલ –પ્લે દ્વારા  મુદ્દાઓની છણાવટ એવી રીતે કરી શકાય કે જેથી વિદ્યાર્થી સુપેરે સમજી શકે .
- દા.ત.
- ‘જીવન વિમા’ના મુદ્દાને સ્પષ્ટ કરવા માટે બેન્કના રોજબરોજના કાર્યો અંગેનો રોલ –પ્લે અથવા LIC એજન્ટ અને ગ્રાહક વચ્ચેનો સંવાદ

- રોલ –પ્લેમાં એકથી વધારે પાત્રો હોય
- પૂર્વઆયોજિત સ્ક્રિપ્ટ હોય
- સંવાદોની વહેંચણી હોય
- ચર્ચા કે પ્રશ્નોત્તરી હોય
- આંગિક કે વાચિક અભિનય દ્વારા તેની રજૂઆત હોય .

# માઈમ :

- અર્થ :
- માઈમ એટલે મૂક અભિનય
- માઈમમાં વિષયવસ્તુ ,આરંભ ,અંત તો હોય જ છે ,પરંતુ સંવાદો હોતા નથી .
- કલાકારો માત્ર આંગિક અભિનય કરે છે .
- માઈમ વધારે અભિનયપટુતા માંગી લે છે .
- મુખ્ય વિચારને સ્પષ્ટ કરતા શબ્દોનો અભાવ હોય છે .
- પાત્રોના હાવભાવ ,હાથ –પગ ,આંખો સુરેખ અને ચોટદાર હોય છે .
  આમાં સમયસૂચકતા(Timing ) ખૂબ જ અગત્યની બાબત છે .
- પાત્રો એકબીજાને અભિનયમાં ટેકો કરે પણ વ્યક્તિગત અભિવ્યક્તિને પણ એટલું જ મહત્વ આપે .

# ઉદાહરણ

- પર્યાવરણ સુરક્ષા :
- મુખ્ય પાત્ર વૃક્ષ
- અન્ય પાત્રો પક્ષીઓ ,ફૂલ ,ફળ ,મુસાફરો ,વૃક્ષના છાંયે બેસતા પશુઓ વગેરે
- વૃક્ષનું છેદન કરનારો કઠિયારો કાલ્પનિક કુહાડીથી વૃક્ષ છેદન કરે અને ત્યારબાદ જે ઘટના ઘટે તેને લગતો અભિનય  પક્ષીઓ ,ફૂલ ,ફળ ,મુસાફરો ,વૃક્ષના છાંયે આરામ કરતા  પશુઓ વગેરે કરે .
- માઈમના અંત ભાગમાં દિગ્દર્શક જે વિચાર રજૂ કરવા માંગતા હોય તેની વેધક અને હૃદયસ્પર્શી રજૂઆત થતી હોય તે  જરૂરી છે .



- માઈમમાં ક્યાંય –
- નાટ્યસામગ્રી ( Properties), માઈક, ધ્વનિ, વેશભૂષા હોતા નથી .
- પાત્રો પોતાના ચહેરા પર સફેદ લેપ કરીને અથવા તો આંખોના મેક –અપ દ્વારા વિવિધ હાવભાવ દર્શાવે છે
- મોટા ભાગે કાળા ,સફેદ વસ્ત્રોનો ઉપયોગ કરે છે .
- માઈમમાં વાચા ,રંગસજ્જતા,વેશભૂષા ન હોવાથી તેની ભજવણી ખૂબ જ મહેનત માગી લે છે .



મૌનનો મહિમા એ માઈમ  નાટકનો પ્રાણ છે .

# માઈમ દ્વારા વિષયવસ્તુની રજૂઆત કરવામાં શિક્ષકની ભૂમિકા:

- શિક્ષકે યોગ્ય વિષયવસ્તુની પસંદગી કરવી જોઈએ .
- શિક્ષકે બાળકોની વય મર્યાદા ,કયા ધોરણમાં અભ્યાસ કરે છે ? વગેરે ધ્યાનમાં રાખીને વિષયવસ્તુની પસંદગી કરવી જોઈએ .
- કોઈ પણ હકારાત્મક સંદેશ જેટલો ટૂંકો અને ચોટદાર તેટલી તેની અસરકારકતા વધારે .
- શિક્ષકે નીચે પ્રમાણે ગુણ ધરાવતા બાળકોને પસંદ કરવા જોઈએ .

  -સંવેદનશીલતા

  -વિચારશીલતા

  -ગંભીરતા

  -પોતાની આંગિક ક્રિયા પર પ્રભુત્વ અને અંકુશ ધરાવનારા

  -નીડરતા

# THANK YOU